# દ્વિતીય લેખિત કસોટી : એપ્રિલ-૨૦૧૮

તારીખ : ૦૯/૦૪/૨૦૧૮ ધોરણ-૮ સમય : ૮:૦૦ થી ૧૧:૦૦

વાર : સોમવાર વિષય : ગુજરાતી કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : ________

**સૂચના :** (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે. .

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલ પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (6)

(1) કવિ નટવરલાલ કુબેરદાસ પંડયાનું ઉપનામ જાણાવો.

(અ) સ્નેહરશ્મિ (બ) ઉશનસ્ (ક) સુંદરમ

(2) વસંતઋતુ શેની આગોતરી વધામણી આપે છે ?

(અ) લગ્નગાળાની (બ) હોળીધૂળેટીની (ક) પરીક્ષાની

(3) હરિવંશરાય બચ્ચને વલ્લભભાઇને શેની ઉપમા આપી હતી ?

(અ) હિંદકી નીડર જબાન

(બ) લોખંડી પુરુષ

(ક) વીર વલ્લભભાઇ

(4) અંજન કોલસામાંથી શું શોધતો હતો ?

(અ) કાળો રંગ (બ) ખનીજ (ક) સાકર

(5) પાડાનું અંગ્રેજી કરવા અંગે કોને મૂંઝવણ હતી ?

(અ) છોટુભાઇને (બ) તારમાસ્તરને (ક) ગોવિંદને

(6) જાપાનનો કયો સાહિત્યપ્રકાર ગુજરાતીમાં જાણીતો છે ?

(અ) હાઇકું (બ) સૉનેટ (ક) મુક્તક

**(બ) નીચે આપેલ વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે યોગ્ય રીતે જોડો.** (5)

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (1) કમાડે ચીતર્યા મેં | (ક) બકુલ ત્રિપાઠી |
| (2) સુદામો દીઠા શ્રીકૃષ્ણદેવ રે ! | (ખ) ગીત |
| (3) સાકરનો શોધનારો | (ગ) હર્ષ બ્રહ્મભટ્ટ |
| (4) નવા વર્ષના સંકલ્પો | (ઘ) આખ્યાન |
| (5) શરૂઆત કરીએ | (ચ) યશવંત પંડ્યા |

Scanned by CamScanner

**(ક) નીચે આપેલ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.** (4)

અવસરનાં તોરણિયાં લીલું ......................

..............................................

..............................................

.............................. વ્હાલભર્યો લ્હાવો.

**પ્રશ્ન-2 (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) આખલાએ શા માટે ચંદા પર હુમલો ન કર્યો ?

(2) વિપત્તિ આવે ત્યારે ઉદ્યમ શા માટે કરવો જોઈએ ?

(3) માંદગીના બહાને ચા શરૂ કરનારના સંકલ્પનું શું થયું ?

(4) નિખિલરાયને અંજનની કેવી પ્રવૃત્તિઓ ગમતી નથી ?

**(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો. (ગમે તે બે)** (8)

(1) નવા વર્ષે લેખક કયા કયા સંકલ્પો કરે છે ?

(2) ગામમાં શી આફત આવી પડી હતી ?

(3) ઉંબરાને કેવો કહ્યો છે ? શા માટે ?

**(ક) નીચે આપેલ વિધાનોનાં કારણો આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) રયજી નિરાશ થયો કારણ કે.....

(2) કૃષ્ણની આંખમાં આંસું વહેતાં હતાં કારણ કે.....

(3) આપણી માતૃભાષા ગુજરાતી ગજબની છે કારણ કે.....

(4) પાર્વતીબેન નસીબદાર સાસુ છે કારણ કે.....

(5) લેખિકા પ્રીતિને ભાગ્યવાન કહે છે કારણ કે.....

**પ્રશ્ન-3 સૂચના પ્રમાણે કરો.**

**(1) નીચેના શબ્દોની સંધિ છૂટી પાડો. (ગમે તે બે)** (2)

(1) મહાનલ (2) જયેન્દ્ર

(3) ઉપંગ

**(2) નીચે આપેલ શબ્દોમાંથી દ્વિરુક્ત ને રવાનુકારી શબ્દો ઓળખી બતાવો. (ગમે તે બે)** (2)

(1) માંડમાંડ (2) ઢમઢમ

(3) ખળખળ

**(3) નીચે આપેલ શબ્દોના સમાસ ઓળખાવો. (ગમે તે બે)** (2)

(1) રાધાકૃષ્ણ (2) ધર્મયુદ્ધ

(3) દાળભાત

Scanned by CamScanner

**(4) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (ગમે તે બે)** (2)

(1) હોય તે કરતાં વધારીને વાત કરવી

(2) બગલમાં થતું ગૂમડું

(3) એક ગામ છોડી બીજે ગામ જવું

**(5) નીચે આપેલ વાક્યોનાં પ્રકાર ઓળખી બતાવો. (ગમે તે એક)** (2)

(1) હવે એક ધર્મયુદ્ધ ખેલવાનું છે.

(2) દિયા ભણવામાં હોંશિયાર છતાંય પરીક્ષામાં તેનો દેખાવ નબળો રહ્યો.

**(6) નીચે આપેલ કહેવતનો અર્થ આપો. (ગમે તે એક)** (1)

(1) હરિ ભજ્યા વિના વૈકુંઠ ન મળે.

(2) મા તે મા બીજા વગડાના વા.

**(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો. (ગમે તે બે)** (2)

(1) સ્મિત (2) કમાડ (3) આફત

**(8) નીચે આપેલ શબ્દોની સાચી જોડણી લખો. (ગમે તે બે)** (2)

(1) વિલિનીકરણ (2) યક્ષર્કદમ (3) ભાતુભાવ

**પ્રશ્ન-4 (અ) તમારી શાળામાં યોજાયેલ માતૃભાષા દિનની ઉજવણીનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.** (5)

**(બ) નીચેનામાંથી કોઇ એક વિષય પર નિબંધ લખો.** (10)

(1) વાત્સલ્યમૂર્તિ મા

(2) સરદાર પટેલ

(3) મારો યાદગાર પ્રવાસ

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલ ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો.** (5)

વિચારોના આદાન-પ્રદાનના સાધન તરીકે માતૃભાષા:

વિચાર, લાગણી, સંદેશાની આપ-લે માતૃભાષા દ્વારા જ સરળતાથી શક્ય બને. જીવન વ્યવહારમાં વિચારોનું આદાન-પ્રદાન જરૂરી છે. આ વ્યવહાર માતૃભાષામાં સહજ અને સરળ રીતે થઇ શકે છે. તેથી માતૃભાષાનું ઘણું મહત્વ છે. વ્યક્તિ પોતાના વિચારો સરળતાથી, સ્પષ્ટતાથી સામા માણસ સમક્ષ રજૂ કરે અને સામા માણસના વિચારોને, વાણી-વ્યવહારને સમજે. ગાંધીજીએ પણ કહ્યું છે કે શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવી જોઇએ. ભાષાના શ્રાવ્ય સ્વરૂપ ઉપરાંત દૃશ્ય-સ્વરૂપનું શિક્ષણ મેળવીને વ્યક્તિ વાંચન-લેખન દ્વારા વિચારોનું આદાન-પ્રદાન કરવા સમર્થ બને છે. રવીન્દ્રનાથ ટાગોરે તો માતૃભાષાને માતાના દૂધ સાથે સરખાવી છે.

Scanned by CamScanner

**પ્રશ્નો :**

(1) માતૃભાષા એટલે શું ?

(2) રવીન્દ્રનાથ ટાગોરે માતૃભાષાને કોની સાથે સરખાવી છે ?

(3) વિચારોના આદાન-પ્રદાનમાં ભાષાનાં કેટલાં સ્વરૂપો ઉપયોગી છે ?

(4) ગાંધીજીએ માતૃભાષા વિશે શું અભિપ્રાય આપ્યો છે ?

(5) આ ગદ્યાંશને આપ શું શીર્ષક આપશો ?

**(બ) પાત્રલેખન કરો. (ગમે તે એક)** (4)

(1) સુદામા

(2) જગમોહનદાસ

**(ક) નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) બાબુ સાથે મનુએ ત્રણ કેળાં કેવી રીતે વહેંચીને ખાધાં ?

(2) કમાડે શું શું ચીતર્યું છે ?

(3) અંજન કિન્નરી પર શા માટે ખીજાયો ?

(4) વલ્લભભાઈને 'સરદાર'નું બિરુદ કોણે અને ક્યારે આપ્યું ?

---

Scanned by CamScanner